# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-03-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Thursday** **National News**

### આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

******************************************************

- સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદા સામે મનાઇ હુકમ ફરમાવવાનો ઇનકાર કર્યો છે.
- ચૂંટણીપંચે ગુજરાત સહિત ચાર રાજ્યોમાં જિલ્લા મેજીસ્ટ્રેટ અને પોલીસ સુપ્રિટેન્ડન્ટ તરીકે નિમાયેલા નોન-કેડર અધિકારીઓના બદલીના આદેશ આપ્યા.
- લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઇ ચૂંટણીપંચે આકાશવાણી, દૂરદર્શન સહિત વિવિધ 12 જેટલી સેવાઓને આવશ્યક સેવાઓ જાહેર કરવામાં આવી છે.
- સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન કરીને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ઇલેકટ્રલ બોન્ડની બધી જ વિગતો અંગેનું સોગંદનામુ અદાલતમાં રજુ કર્યું છે.
- માહિતી ટેક્નોલોજી વિભાગના સચિવ એસ. કૃષ્ણનને આજે દિલ્હીમાં ભાષાનેટ પોર્ટલનો શુભારંભ કરાવ્યો.
- દિલ્હીના વડીઅદાલતે રાજ્યની દારૂનિતીને લગતાં મની લોન્ડરીંગ કેસમાં ધરપકડ સામે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રક્ષણ આપવાનો ઇન્કાર કર્યો છે.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SC---EC-APPOINTMENT

સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદા સામે મનાઇ હુકમ ફરમાવવાનો ઇનકાર કર્યો છે. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી પીઠે મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંકને લગતાં નવા કાયદાને પડકારતી અરજીઓની સુનાવણી બાદ આવો ચૂકાદો આપ્યો છે. અદાલતના ન્યાયાધીશોએ એવું પણ અવલોકન કર્યું છે કે, લોકસભાની ચૂંટણી પ્રક્રિયા શરૂ થઇ હોવાથી આ તબક્કે સંબંધિત કાયદા સામે મનાઇ હુકમ આપી શકાય નહીં.

અદાલતે એવું પણ અવલોકન કર્યું છે કે, નવા નિમણૂંક પામેલા ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબિરસિંહ સંધુ સામે કોઇપણ પ્રકારના આક્ષેપ થયા નથી.

# EC- DM & SP TRANSFER

**ચૂંટણી પંચે ગુજરાત, પંજાબ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં જિલ્લા મેજીસ્ટ્રેટ અને પોલીસ સુપ્રિટેન્ડન્ટ તરીકે નિમાયેલા નોન-કેડર અધિકારીઓના બદલીના આદેશ આપ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની અધ્યક્ષતામાં ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુની યોજાયેલી બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.**

**ઉપરાંત, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથેના પારિવારિક સંબંધોને ધ્યાનમાં રાખીને, ચૂંટણી પંચે ભટિંડા, પંજાબના વરિષ્ઠ પોલીસ અધિક્ષક અને આસામના સોનીતપુરના પોલીસ અધિક્ષકની બદલી અંગે પણ નિર્દેશ આપ્યા છે. આ બંને રાજ્યોમાં વહીવટીતંત્રમાં કોઈપણ પ્રકારના**

**પૂર્વગ્રહયુક્ત વર્તનની શક્યતાને ધ્યાનમાં રાખીને આ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. પંચે સંબંધિત રાજ્ય સરકારોને તાત્કાલિક અસરથી જિલ્લા અધિકારીઓ અને એસપી તરીકે નિમણૂક કરાયેલા નોન-કેડર અધિકારીઓની બદલી કરવાનો નિર્દેશ અપાયો છે.**

## Essential Servant Lok Sabha Elections

લોકસભાની ચૂંટણીને ધ્યાને લઇ ભારતીય ચૂંટણીપંચે આકાશવાણી, દૂરદર્શન, ચૂંટણીના દિવસે કવરેજ માટે ચૂંટણીપંચ દ્વારા અધિકૃત કરાયેલા મિડિયા કર્મીઓ સહિત બીએસએનએલ, રેલવે અને વીજળી વિભાગ સહિત વિવિધ 12 જેટલી સેવાઓને આવશ્યક સેવાઓ જાહેર કરવામાં આવી છે.

આવશ્યક સેવાકર્મીઓને લોકસભાની ચૂંટણી માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની સુવિધા આપવામાં આવશે. જો કે, આવશ્યક સેવા કર્મીઓએ જરૂરી વિગતો આપીને ફોર્મ-12 ડી માં ચૂંટણી અધિકારીને અરજી કરવાની રહેશે. પોસ્ટલ બેલેટની સુવિધા માંગતી આવી અરજી, ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ દિવસમાં ચૂંટણી અધિકારી સુધી પહોંચાડવી જોઇશે.

## EC - VIKSIT BHARAT

કેન્દ્રીય ચૂંટણીપંચે વિકસિત ભારત અંગેના વોટ્સએપ ઉપર અપાતા સંદેશને તત્કાળ રોકવા કેન્દ્રીય માહિતી ટેક્નોલોજી મંત્રાલયને નિર્દેશ આપ્યો છે. ચૂંટણીપંચના સૂત્રોના જણાવ્યા મુજબ, લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થઇ હોવા છતાં નાગરિકોના વોટ્સએપ ઉપર

વિકસિત ભારત અંગેના સંદેશ મળી રહ્યા હોવાની ફરિયાદો ચૂંટણી પંચને મળી છે.

દરમિયાન, કેન્દ્રીય માહિતી ટેક્નોલોજી મંત્રાલયે જણાવ્યું છે કે, ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતાના અમલ પહેલા આ પ્રકારના સંદેશ મોકલવામાં આવ્યા હતા. આ પૈકી વિકસિત ભારત અંગેના કેટલાક સંદેશ સિસ્ટમમાં ટેકનિકલ કારણસર વિલંબથી ટેલિફોન ગ્રાહકોને મળ્યા હોવાની સંભાવના છે.

## BJP-THIRD LIST

ભારતીય જનતા પક્ષે લોકસભાની ચૂંટણી માટેની આજે જાહેર કરેલી ત્રીજી યાદીમાં નવ ઉમેદવારોની જાહેરાત કરી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગન લોકસભાની નિલગીરી જ્યારે તેલંગાણાના ભૂતપૂર્વ રાજ્યપાલ તમિલીસાંઇ સૌંદરરાજન દક્ષિણ ચેન્નાઇ બેઠક પરથી ભાજપના ઉમેદવાર રહેશે. તમિળનાડુ પ્રદેશ ભાજપના વડા કે. અન્નામલાઇ લોકસભાની કોઇમ્બતૂર બેઠક પરથી ચૂંટણી લડશે.

ઉલ્લેખનીય છે કે, ભાજપે અગાઉ લોકસભાની ચૂંટણી માટેના 267 ઉમેદવારોની જાહેરાત કરી છે.

## BJP-STATE IN-CHARGE

**ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી- 2024 માટે રાજસ્થાન, હરિયાણા અને આંધ્રપ્રદેશ માટે ચૂંટણી પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની નિમણૂંક કરી છે. જેમાં રાજસ્થાન માટે વિનય સહસ્ત્રબુદ્ધે, વિજયા રાહટકર અને પ્રવેશ વર્મા, હરિયાણા માટે સતીશ પુનિયા અને**

**સુરેન્દ્ર સિંહ નાગરની અને આંધ્રપ્રદેશ માટે અરુણ સિંહ અને સિદ્ધાર્થનાથ સિંહની નિમણૂક કરવામાં આવી છે.**

# CONGRESS-BRIEFING

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું છે કે, લોકશાહી વ્યવસ્થા સરળતાથી ચાલી શકે તે હેતુથી તટસ્થ ચૂંટણી અગત્યની ગણાવી શકાય.. લોકશાહીને ટકાવવા ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેતા દરેક માટે એકસમાન તક મળે એ પણ જરૂરી છે. આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ પક્ષના બેંક ખાતાઓ ફ્રીઝ કરાયા છે અને લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ભંડોળનો ઉપયોગ કરી શકે તે હેતુથી આ ખાતાના ઉપયોગને મંજૂરી મળવી જોઇએ.

દરમિયાન, ભાજપે બેંક ખાતા ફ્રીઝ કરવાના મુદ્દે કોંગ્રેસ દ્વારા કરાયેલા આક્ષેપને વખોડી કાઢ્યા છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું છે કે, નિયમભંગ કરનાર સામે કાયદા મુજબ જ કાર્યવાહી થાય છે.

# AP--INC-RELEASED-LIST

કોંગ્રેસ પક્ષે અરૂણાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટેના 34 ઉમેદવારોની જાહેરાત કરી છે. કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતીએ પક્ષના 34 ઉમેદવારોની આજે જાહેરાત કરી હતી. વિધાનસભાની 60 બેઠકોની ચૂંટણી આગામી 19મી એપ્રિલે લોકસભાની પહેલા તબક્કાની ચૂંટણીની સાથે જ યોજાવાની છે.

કોંગ્રેસના મુખ્ય ઉમેદવારોમાં તકમ પારીઓ, કુમાર વાઇ અને તંગ બૈયાલિંગનો સમાવેશ થાય છે જ્યારે ભાજપના ઉમેદવારોમાં મુખ્યમંત્રી પેમા ખંડુ મુક્તો વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે.

ઉલ્લેખનીય છે કે, ભાજપે અરૂણાચલ વિધાનસભાની બધી જ 60 બેઠકોમાં ઉમેદવારોની જાહેરાત કરી છે. એવી જ રીતે, રાષ્ટ્રીય પિપલ્સ પાર્ટીએ 34 અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ 17 બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે.

# SC-SBI

સર્વોચ્ચ અદાલતના આદેશનું પાલન કરીને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ઇલેકટ્રલ બોન્ડની બધી જ વિગતો અંગેનું સોગંદનામુ અદાલતમાં રજુ કર્યું છે. સ્ટેટ બેંકે સોગંદનામામાં જણાવ્યું છે કે, ઇલેકટ્રલ બોન્ડના અલ્ફાન્યૂમેરિક નંબર સહિતની સંપૂર્ણ માહિતી ચૂંટણી પંચને આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ સપ્તાહની શરૂઆતમાં સર્વોચ્ચ અદાલતે ઇલેકટ્રલ બોન્ડની સંપૂર્ણ વિગતો જાહેર કરવાનો આદેશ સ્ટેટ બેંકને આપ્યો હતો.

# BHASHANET--PORTAL

માહિતી ટેક્નોલોજી વિભાગના સચિવ એસ. કૃષ્ણનને આજે દિલ્હીમાં ભાષાનેટ પોર્ટલનો શુભારંભ કરાવ્યો. શ્રી કૃષ્ણનને કહ્યું કે, ભાષાનેટ પોર્ટલમાં ઓનલાઇન સેવાઓનો લાભ લેવામાં ભાષા અવરોધરૂપ બનતી નથી. આથી, દેશમાં ડિજીટલ સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપવામાં આ પોર્ટલ મહત્વનું પગલું ગણાવી શકાય. નેશનલ

ઇન્ટરનેટ એક્સચેન્જ ઓફ ઇન્ડિયાના સહયોગથી ભાષાનેટ પોર્ટલ વિકસાવવામાં આવ્યું છે.

## HC-KEJRIWAL

દિલ્હીની વડી અદાલતે રાજ્યની દારૂનિતીને લગતાં મની લોન્ડરીંગ કેસમાં ધરપકડ સામે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રક્ષણ આપવાનો ઇન્કાર કર્યો છે. ન્યાયાધીશ સુરેશકુમાર કૈત અને મનોજ જૈનની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે, આ તબક્કે રાહત આપી શકાય નહીં. કેસની હવે પછીની સુનાવણી આગામી 22મી એપ્રિલે યોજાશે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી કેજરીવાલ સામે એન્ફોર્સમેન્ટ વિભાગે સંબંધિત કેસમાં પૂછપરછ માટે નવમું સમન્સ પાઠવ્યા બાદ શ્રી કેજરીવાલે દિલ્હીની વડી અદાલતમાં અરજી કરી હતી. અગાઉ, એન્ફોર્સમેન્ટ વિભાગના સમન્સને ગેરકાયદેસર ઓળખાવીને અરવિંદ કેજરીવાલ સંબંધિત વિભાગ સમક્ષ ઉપસ્થિત રહ્યા નથી.

## REV. RAILWAY---HOLI-SPECIAL

ભારતીય રેલવે હોળીના તહેવારો દરમિયાન **540** વિશેષ ટ્રેન ચલાવશે. રેલ્વે મંત્રાલયે કહ્યું છે કે, ગયા વર્ષની સરખામણીએ આ વખતના હોળીના તહેવારો દરમિયાન 219 વધારાની ટ્રેનોનું સંચાલન કરાશે. રેલવે દ્વારા સમગ્ર દેશના મહત્વના સ્થળોને જોડતી વિશેષ ટ્રેનોનું સંચાલન થશે, જેમાં દિલ્હી-પટના, દિલ્હી-ભાગલપુર, દિલ્હી-મુઝફ્ફરપુર, દિલ્હી-સહરસા, ગોરખપુર-મુંબઈ, કોલકાતા-પુરી, ગુવાહાટી-રાંચી અને

નવી દિલ્હી- શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા જેવા સ્થળો માટેની ખાસ ટ્રેનોનો સમાવેશ થાય છે.

મંત્રાલયે કહ્યું કે, મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મુખ્ય સ્ટેશનો પર વધારાના રેલવે પ્રોટેક્શન ફોર્સ તેમજ આરપીએફના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.

એવી જ રીતે, વધારાની ટ્રેનોનું સંચાલન સરળતાથી થાય તે હેતુથી મહત્વના રેલવે સ્ટેશનો પર વિશેષ અધિકારીઓની નિમણૂંક કરાઇ છે.

## CBI-UNION BANK

સીબીઆઇએ યુનિયન બેંક સામે 48 કરોડ રૂપિયાથી વધુની છેતરપીંડીનો આરોપ કરતી જયપુરની ખાનગી કંપનીના નિયામક સહિત પાંચ આરોપીઓ સામેની ફરિયાદના આધારે કેસ દાખલ કર્યો છે. આ કંપની વીજળીના ટ્રાન્સફોર્મરનું ઉત્પાદન અને સમારકામ કરે છે. યુનિયન બેંકે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, જયપુર ખાતેની કંપનીના આરોપીઓએ બનાવટી દસ્તાવેજો આપીને કેશ ક્રેડિટ યોજનાનો લાભ મેળવ્યો છે.

સીબીઆઇએ આરોપીઓના કાર્યસ્થળ, ઓફિસ અને નિવાસ સહિત પાંચ સ્થળોએ તપાસ હાથ ધરી હતી.